Upload 07 08 2024 National 1.20am (NSD) Afternoon-1

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 07-08-2024 બપોરે : 1.20થી 1.30

વાર : બુધવાર

આકાશવાણી

સમાચાર સોનલ પરમાર વાંચે છે.

---

- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી ન્યૂઝિલેન્ડના બે દિવસીય પ્રવાસે પહોંચ્યા.
- ✓ ખેડૂતોને ઓછા વ્યાજ દરે ટૂંકા ગાળાનું કૃષિ ધિરાણ આપવા માટે બેંકોને RBIની સૂચના
- ✓ રાષ્ટ્રીય હાથશાળ દિવસ પ્રસંગે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ઉત્કૃષ્ટ પ્રદાન કરનારા હાથશાળ વણકરોને સમ્માનિત કર્યા.
- ✓ નોબેલ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યૂનુસને બાંગ્લાદેશમાં વચગાળાની સરકારના પ્રમુખ નિયુક્ત કરાયા.
- ✓ પેરિસ ઑલિમ્પિકમાં વિનેશ ફોગાટનું વજન 50 કિલોથી સહેજ વધી જતાં કુશ્તી સ્પર્ધા માટે ગેરલાયક ઠર્યા.
- ✓ અને ભારત અને શ્રીલંકા વચ્ચે આજે વન ડે શ્રેણીની અંતિમ મેચ કોલંબોમાં રમાશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## *REV. PREZ- NEW ZEALAND*

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ન્યૂઝીલેન્ડના ઑકલેન્ડ ખાતે બે દિવસીય પ્રવાસે પહોંચ્યા છે. આ મુલાકાત દરમિયાન તેઓ ન્યૂઝીલેન્ડના ગવર્નર જનરલ કિરો અને પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર**

લુક્સોન સાથે દ્વીપક્ષીય બેઠક કરશે. શ્રી મુર્મુ અહીં શિક્ષણ સંમેલનને સંબોધન કરશે, ઉપરાંત ભારતીય સમુદાયના લોકો સાથે સંવાદ કરશે.

રાષ્ટ્રપતિ મુર્મુ બે દિવસના ફિજિ પ્રવાસ બાદ ન્યૂઝીલેન્ડ પહોંચી રહ્યા છે. તેઓ પ્રથમ ભારતીય રાષ્ટ્રપતિ છે, જેઓ પ્રશાંત દેશોની મુલાકાત લઈ રહ્યા છે.

## *RBI-INTEREST SUBVENTION*

કેન્દ્ર સરકાર દ્વારા સંશોધિત વ્યાજ સહાયતા યોજનાને ચાલુ રાખવાના નિર્ણયને ધ્યાનમાં રાખીને ભારતીય રિઝર્વ બેંક - RBIએ , બેંકોને પાક લોન, પશુપાલન, ડેરી, મત્સ્યઉછેર, મધમાખી ઉછેર સહિતની સંબંધિત પ્રવૃત્તિઓ માટે ઓછા વ્યાજ દરે ટૂંકા ગાળાની લોન આપવા જણાવ્યું છે. ખેડૂતોને 7 ટકાના વ્યાજ દરે 3 લાખ રૂપિયાની મર્યાદિત રકમ આપવામાં આવશે.

RBIએ એક જાહેરનામામાં જણાવ્યું છે કે, ધિરાણ આપતી સંસ્થાઓને વર્ષ 2024-25 માટે વ્યાજમાં દોઢ ટકાની છૂટ મળશે. જે ખેડૂતો તેમની લોન સમયસર ચૂકવશે તેમને વ્યાજમાં ત્રણ ટકા વધારાની છૂટ આપવામાં આવશે. RBIએ વધુમાં ઉમેર્યું કે, ટૂંકા ગાળાની લોન લેવા માટે આધાર નંબર લિંક કરવું ફરજિયાત રહેશે.

દરમિયાન, ખેડૂતો દ્વારા વિકટ પરિસ્થિતિમાં ઉપજ વેચાણને અટકાવવા અને વેરહાઉસમાં ઉત્પાદનના સંગ્રહને પ્રોત્સાહિત કરવા કિસાન ક્રેડિટ કાર્ડ યોજના હેઠળ નાના અને સીમાંત ખેડૂતોને લણણી પછી છ મહિનાના વધારાના સમયગાળા માટે વ્યાજમાં છૂટનો લાભ મળશે.

## *BANGLADESH GOVERNMENT*

બાંગ્લાદેશના રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીને નોબેલ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યૂનુસને વચગાળાની સરકારના પ્રમુખ નિયુક્ત કર્યા છે. ગઈકાલે ઢાકામાં રાષ્ટ્રપતિ ભવન – બંગભવનમાં સૈન્યના ત્રણેય પાંખના વડાઓ, વિદ્યાર્થી આંદોલનના 13 સભ્યોના પ્રતિનિધિ મંડળ સાથે થયેલી બેઠક બાદ રાષ્ટ્રપતિએ આ નિર્ણયની જાહેરાત કરી હતી.

રાષ્ટ્રપતિના મીડિયા સચિવે મોડી રાતે પત્રકારોને જણાવ્યું હતું કે વિવિધ રાજકીય પક્ષો સાથે ચર્ચા -વિમર્શ બાદ અંતરિમ સરકારના અન્ય સભ્યોના નામ વિશે નિર્ણય કરાશે. ગઇકાલે રાષ્ટ્રપતિએ સંસદ બરખાસ્ત કરી હતી. 84 વર્ષિય મોહમ્મદ યૂનુસને ગ્રામીણ બેંકના માધ્યમથી ગરીબી નાબૂદી ઝુંબેશ માટે વર્ષ 2006માં નોબોલ શાંતિ પુરસ્કારથી સમ્માનિત કરાયા હતા.

સોમવારે રાજકીય અવકાશની સ્થિતિને પગલે લશ્કરે સત્તા સંભાળ્યા બાદ પણ દેશભરમાં હિંસાની ઘટનાઓ સામે આવી છે. જુલાઈના મધ્યમાં ફરી શરૂ થયેલા વિરોધ પ્રદર્શનોમાં મૃતકોની સંખ્યા વધીને 40 થઈ ગઈ છે. જ્યારે કે અત્યાર સુધીમાં કુલ 300થી વધુના મોત થઈ ચૂક્યા છે.

બાંગ્લાદેશના ઢાકા ખાતે ભારતીય ઉચ્ચયુક્ત કાર્યલયના કર્મચારીઓ સાથે સ્વદેશ પરત ફર્યા છે.

દરમિયાન બાંગ્લાદેશ રાષ્ટ્રીય પક્ષ -બીએનપી પ્રમુખ અને પૂર્વ પ્રધાનમંત્રી ખાલિદા ઝીયાને નજરકેદમાંથી મુક્ત કરી દેવાયા છે. પૂર્વ પ્રધાનમંત્રી છેલ્લા લાંબા સમયથી બીમાર હોવાના અહેવાલ છે.

## *BANGLADESH BORDER*

મણિપુર સરકારે બાંગ્લાદેશ સરહદેથી સંભવિત ઘૂસણખોરીને રોકવા સરહદી જિલ્લાઓ ફિરઝોલ અને જીરીબામમમાં રાત્રિ કર્ફ્યું લાગુ કર્યો છે. બંને જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટે આ અંગે પ્રતિબંધિત આદેશો જાહેર કર્યા છે. આ આદેશ અનુસાર તીક્ષ્ણ  હથિયારો લઈ જવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જીરીબામ જિલ્લામાં, જીરીબામ નગર પરિષદ અને બોરોબેક્રા  અંતર્ગત વિસ્તારોમાં  સવારે 9 થી બપોરના 3 વાગ્યા સુધી પ્રતિબંધિત આદેશોમાં છૂટછાટ આપવામાં આવશે.

## *INDIA ADVISORY*

મધ્ય પૂર્વમાં તણાવની સ્થિતિને જોતા વિદેશ મંત્રાલયે ભારતીય નાગરિકોને જરૂરી ન હોય તેવી સ્થિતિમાં લિબિયા પ્રવાસ ટાળવાની સલાહ આપતી માર્ગદર્શિકા જાહેર કરી છે. મંત્રાલયે અગાઉ 23 મે, 2024ના રોજ ભારતીય નાગરિકોના લિબિયા પ્રવાસ પર પ્રતિબંધ ફરમાવ્યો હતો. જોકે લિબિયાની હાલની સ્થિતિને જોતા આ પ્રતિબંધમાં છૂટ આપવામાં આવી છે. મંત્રાલયે ભારતીય પ્રવાસીઓ માટે આપાત નંબર 0218-94 39 92046 જાહેર કર્યો છે, મુશ્કેલીની સ્થિતિમાં ત્રિપોલીના ભારતીય દૂતાવાસનો સંપર્ક કરવા જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે ઇરાન, હિજબુલ્લાહ અને ઇઝરાયેલ વચ્ચેના તણાવને કરાણે મધ્ય પૂર્વમાં ચિંતાનો માહોલ છે.

## *REV. VP- PM- HANDLOOM DAY*

આજે 10માં રાષ્ટ્રીય હાથશાળ દિવસ પ્રસંગે દેશભરમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ પ્રસંગે ઉપ રાષ્ટ્રપતિ જગદીપ ધનખડે નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવન ખાતે હાથશાળ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ પ્રદાન આપનારા વણકરોને સંત કબીર અને રાષ્ટ્રીય હાથશાળ પુરસ્કારથી સમ્માનિત કર્યા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ એક સંદેશમાં કહ્યું છે કે તેમને દેશભરમાં હાથશાળના સમૃદ્ધ વારસા અને જીવંત પરપરા પર ખૂબ જ ગર્વ છે. વધુમાં તેમણે ઉમેર્યું છે કે રાષ્ટ્ર દેશના કારિગરોના પ્રયાસોની સરાહના કરે છે, અને ‘વોકલ ફોર લોકલ’ પ્રત્યેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરે છે.

## *IMD-WEATHER*

ભારતીય હવામાન વિભાગે  આગામી ચાર  દિવસ  હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ભારે વરસાદની આગાહી કરી છે.  પશ્ચિમ ઉત્તર પ્રદેશ, પૂર્વ મધ્ય પ્રદેશ અને ઉત્તરાખંડમાં આજે ભારે વરસાદ થવાની સંભાવના છે. દરમિયાન તમિલનાડુ, તટીય આંધ્રપ્રદેશ, તેલંગાણા અને ગોવામાં તેમજ જમ્મુ-કાશ્મીર, પૂર્વ ઉત્તર પ્રદેશ, પૂર્વ રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને ચંદીગઢમાં આગામી બે  થી ત્રણ  દિવસ ભારે વરસાદની સ્થિતિ યથાવત  રહેશે. આગામી ચાર  દિવસ દરમિયાન આસામ અને  મેઘાલય સહિત પૂર્વોત્તરના રાજ્યો માટે ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે આ સપ્તાહ દરમિયાન દિલ્હીમાં વાવાઝોડા અને વીજળીના ચમકારા સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

## *LS RENEWABLE ENERGY*

પુનઃપ્રાપ્ય ઉર્જા મંત્રી પ્રહલાદ જોશીએ કહ્યું છે કે નવીનીકરણીય ઉર્જા ક્ષમતા 203 ગીગાવોટ સુધી પહોંચી ગઈ છે.

લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતા શ્રી જોશીએ જણાવ્યું હતું કે, અન્ય 115 ગીગાવોટ પુનઃપ્રાપ્ય ઊર્જા અમલીકરણના વિવિધ તબક્કામાં છે. તેમણે કહ્યું કે, 2014માં પુનઃપ્રાપ્ય ઊર્જાની ક્ષમતા લગભગ 76 ગીગાવોટ હતી. મંત્રીએ કહ્યું કે, પુનઃપ્રાપ્ય ઉર્જાનું ઉત્પાદન વધારવા માટે સરકાર દ્વારા અનેક પહેલ કરવામાં આવી છે.

# DAY OLYMPIC UPDATE

પેરિસ ઓલિમ્પિકમાં એક આંચકાજનક ઘટનામાં કુશ્તીબાજ વિનેશ ફોગાટનાં વજનમાં થોડાં ગ્રામનો વધારો થતાં 50 કિલો વજન વર્ગમાં તેમને ગેરલાયક ઠરાવવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, વિનેશ આજે ફાઇનલમાં અમેરિકાની ખેલાડી સારા એન હિલ્ડેબ્રાંટ સાથે રમવાના હતા.

ભારતીય ઓલિમ્પિક મહાસંઘે એક નિવેદનમાં જણાવ્યું છે કે, રાત્રિ દરમિયાન ટીમનાં સર્વશ્રેષ્ઠ પ્રયત્નો છતાં આજે સવારે ફોગાટાનું વજન 50 કિલોની ઉપર જતું રહ્યું હતું. ઉલ્લેખનીય છે કે અગાઉ વિનેશ ક્યુબાનાં ખેલાડીને હરાવીને ઓલિમ્પિક્સની ફાઇનલમાં પ્રવેશનાર પ્રથમ ભારતીય મહિલા ખેલાડી બન્યા હતા.

# OLYMPIC

મનિકા બત્રા, શ્રીજા અકુલા અને અર્ચના કામથ આજે ટેબલ ટેનિસની સેમિફાઇનલમાં પહોંચવા માટે જર્મની સામે રમશે. આ મેચ બપોરે 1 વાગીને 30 મિનિટે શરૂ થશે.

પુરુષો માટેની 3 હજાર મીટર સ્ટીપલચેજ ફાઇનલમાં આજે અવિનાશ સાબલે ચંદ્રક માટે મેદાનમાં ઉતરશે. સાંજે ટોકિયો ઓલિમ્પિકમાં ચંદ્રક વિજેતા મીરાબાઇ ચાનૂ મહિલાઓ માટેની વેઇટ લિફ્ટિંગની 49 કિલોગ્રામ વજન વર્ગ સ્પર્ધામાં ભાગ લેશે.

# MANU BHAKER- WELCOME

પેરિસ ઑલિમ્પિકમાં બે ચંદ્રક જીતનારા ભારતીય મહિલા નિશાનેબાજ મનુ ભાકર આજે સ્વદેશ પરત ફર્યા છે. નવી દિલ્હીના ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય હવાઈ મથકે તેમનું ઉમળકાભેર સ્વાગત કરાયું.

# CRICKET – ODI

ભારત અને શ્રીલંકા વચ્ચે આજે ત્રીજી અને અંતિમ વન ડે મેચ કોલંબોના આર. પ્રેમદાસ સ્ટેડિયમમાં રમવા જઈ રહી છે. ભારતીય સમય અનુસાર બપોરે અઢી વાગે આ મેચ શરૂ થશે. શ્રીલંકા 1-0થી આ શ્રેણીમાં આગળ છે.

ઉલ્લખનીય છે કે 1997 બાદથી ભારત ક્યારેય શ્રીલંકા સામે હાર્યું નથી, શ્રીલંકાની ટીમ 27 વર્ષોના આ ઇતિહાસને બદલવાનો પ્રયાસ કરી શકે છે.

## *LS - IT*

કેન્દ્ર સરકાર જણાવ્યું છે કે આઇટી ઉદ્યોગોને હવે નાના શહેરોમાં લઈ જવાશે જેથી આઇટી ક્ષેત્રે આવેલી ક્રાંતિનો લાભ નાના શહેરો સુધી પહોંચાડી શકાય.

લોકોસભામાં પૂછાયેલા પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક અને આઇટી પ્રધાન જિતિન પ્રસાદે એક નિવેદનમાં જણાવ્યું કે દેશમાં નવા 65 જેટલા સોફ્ટવેર ટેક્નોલોજી પાર્ક – STPI વિકસાવવામાં આવ્યા છે, જેમાંથી 57 જેટલા ટિયર 2 અને ટિયર 3 શહેરોમાં વિકસાવાયા છે. વધુમાં તેમણે ઉમેર્યું કે સરકાર આ આઇટી કેન્દ્રોને ગ્રામીણ વિસ્તારો સાથે જોડવા માટે પરિવહન સેવાને વધુ સુદ્દઢ બનાવવા પ્રયાસ કરશે.

શ્રી પ્રસાદે જણાવ્યું કે આઇટી ક્ષેત્રે 54 લાખ રોજગાર પેદા થઈ રહ્યા છે, જેમાં 37 ટકા મહિલા કર્મચારીઓ છે.